**શ્રી મહે.ચીફ જ્યુડીશ્યલ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં, મુ:મોરબી.**

**ફોજદારી કેસ નંબર : ૩૭૨૨/૨૦૨૪**

**<u>ફરીયાદી</u> : સરકારશ્રી**

**વિરૂધ્ધ:–**

**<u>આરોપી</u>: જગદીશભાઈ દોલુભાઈ અગેચણીયા**

**રહે. વીસીપરા, મોરબી**

**:: આંક–૧ લગત હુકમ ::**

(૧) હાલના કેસમા ફરીયાદી શ્રી સરકાર તરફે આરોપીઓ વિરુધ્ધ પ્રોહિ કલમ ૬૬(૧)બી,૬૫એએ મુજબનુ ચાર્જશીટ રજુ કરવામા આવેલ છે. ઘણા વર્ષો સુધી આરોપીને સમન્સ/પકડ વોરંટ ઈસ્યુ કરવા છતા બજવણી થયલે નથી. તેથી ફીરયાદીશ્રી સરકાર તરફે એ.પી.પી.શ્રીએ રેકર્ડની ચકાસણી કરી સદર કેસ પરત ખેંચવાની **આંક–૦૩** થી પરવાનગી માંગેલ છે. જે રેકર્ડ ધ્યાને લઈ, વારંવાર આરોપીને પ્રોસેસ ઈસ્યુ કરવા છતા આરોપીને બજવણી થતી નથી. આરોપીને હાજર રખાવવા પુરતો સમય આપેલ છે. તે હકીકત ધ્યાને લેતા તીં પરવાનગી આપવામા આવેલ છે. ત્યારબાદ એ પી.પી.શ્રીએ **આંક–૦૪** થી સદર કેસ પરત ખેંચવાની વીથડ્રો પુરસીસ રાખેલ છે. તે ધ્યાને લેતા હાલનો કેસ ફરીયાદી શ્રી સરકાર તરફે પરત ખેંચેલ હોઈ, જેથી સદરહુ કેસ આગળ ચલાવવાનો રહેતો નથી. જે ધ્યાને લેતા નીચે મુજબ આખરી હુકમ કરુ છુ.

**:: હુકમ ::**

**(૧)** આજરોજ નેશનલ લોક અદાલતમા આરોપી સામેનો હાલનો કેસ, ફરીયાદી શ્રી સરકારે સી.આર.પી.સી. કલમ : ૩૨૧ મુજબ પરત ખેંચેલ હોઈ, આરોપીને બિન તહોમત ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામા આવે છે.

(૨) આ કબજે લેવામા આવેલ મુદામાલ અપીલ સમય વીત્યે નાશ કરવાનો હુકમ કરવામા આવે છે.

હુકમ આજ તારીખ ૧૧ મી માહે જુલાઈ સને ૨૦૨૬ ના રોજ નેશનલ લોક અદાલતમાં જાહેર કર્યો.

હુકમ આજરોજ લોક અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

**(બી.વી.સંચાણીયા)**
ચીફ જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ
મોરબી
(જીજે ૦૦૭૪૫)

સ્થળ : મોરબી.
તા.: ૧૧ –૦૭ – ૨૦૨૬